૨

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની સમરસ છાત્રાલયોમાં "રાઉન્ડ ધ ક્લોક" કુલ-૮૭ જગ્યાઓ વોર્ડન તરીકે આઉટસોર્સથી ભરવા અંગેની વર્ષ <u>૨૦૨૧-૨૨ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.</u>
**રૂ. ૨૩.૪૯ લાખની મંજૂરી**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૨૧/૧૫૭૭૯/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૦૪/૦૬/૨૦૨૧

<u>વંચાણમાં લીધા-</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૨૦૨૦ ૨૧/૨૦૨૩

<u>આમુખ:-</u>

નાણાંકીય વર્ષ:- ૨૦૨૧-૨૨માં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની સમરસ છાત્રાલયોમાં "રાઉન્ડ ધ ક્લોક" કુલ-૮૭ જગ્યાઓ વોર્ડન તરીકે આઉટસોર્સથી ભરવા અંગેની નવી બાબતને સૈધાંતિક મંજૂરી મળતાં કુલ રૂા.૨૩.૪૯ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ:- ૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ રૂા.૨૩.૪૯ લાખની જોગવાઈ અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા સરકારશ્રીમાં દરખાસ્ત મોકલી આપેલ છે.

<u>ઠરાવ:-</u>

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, સમરસ છાત્રાલયોમાં "રાઉન્ડ ધ ક્લોક" કુલ-૮૭ જગ્યાઓ વોર્ડન તરીકે આઉટસોર્સથી ભરવા અંગેની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાંણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૮) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય સુધી ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૧-૨૧ના અંદાજપત્રમાં '**માંગણી ક્રમાંક: ૦૯૫, મુખ્ય સદર: ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ** અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય **સદર: ૦૧ અનુસૂચિત જાતિનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭** શિક્ષણ, સબ હેડ:૧૭ (SCW-૮) સરકારી **છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ**' હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૬/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
7. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેકશન અધિકારી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે
10. પસંદગી ફાઇલ૨૦-૨૧.